**કામનું નામ:- દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંતી- ઉભરાટ કેન્દ્રના ટ્રેક્ટરની જાહેર હરાજી બાબત...**

૧. હરાજીથી નિકાલ કરવાના વાહનની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **કચેરીનું નામ** | **વાહનની વિગત** | **હાલમાં વાહન રૂબરૂ જોવા માટેનું સ્થળ** | **ટેન્ડર ફી રૂપિયામાં** | **બાનાની રકમ રૂપિયામાં** |
|---|---|---|---|---|---|
| ૧. | દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંતી- ઉભરાટ | ફાર્મટ્રેક 50 ટ્રેક્ટર જીજે-૧૫-જી-૨૫૬ | દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંતી- ઉભરાટ મો.નં. ૯૯૯૮૨૧૩૧૫૪ | ૫૦૦.૦૦ | ૧૦૦૦૦.૦૦ |

**નવસારી કૃષિ યુનિવર્સિટી,**
**નવસારી**
**-:: વાહનો વેચવા માટેનું ભાવપત્રક ::-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | વાહનની વિગત | :: | **ફાર્મ ટ્રેક 50 ટ્રેક્ટર**<br>**જીજે ૧૫ જી ૨૫૬**<br>**મોડેલ વર્ષ :- ૧૯૯૬**<br>**ચાલેલ કલાક:- ૨૮૯૧** | |
| | હાલમાં વાહન રૂબરૂ જોવા માટેનું સ્થળ | :: | દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંતી- ઉભરાટ<br>મો.નંબર ૯૯૯૮૨૧૩૧૫૪ | |
| ૨. | ટેન્ડર ફીની વિગત | :: | ડી.ડી. નં. ..............................<br>બેંકનું નામ:- .....................................<br>તારીખ :- ................................... | |
| | અનામત ભર્યાની વિગત | :: | ડી.ડી. નં. ..............................<br>બેંકનું નામ:- .....................................<br>તારીખ :- ................................... | |
| ૩. | ખરીદી કરવા માટેની કરેલી ઓફર રૂપિયા (આકડામાં) | :: | | A |
| | + ૧% ટીસીએસની રકમ(આકડામાં) **(ખરીદ કિંમતના ૧%)** | :: | | **B** |
| | ખરીદીની કુલ ઓફર રકમ(આકડામાં) **(ટીસીએસ સાથેની)** | :: | | **C** |
| | ખરીદી કરવા માટેની કરેલી ઓફર રૂપિયા (શબ્દમાં) A | :: | | |
| | ૧% ટીસીએસની રકમ (શબ્દમાં) B | :: | | |
| | ખરીદીની કુલ રકમ (શબ્દમાં) **(ટીસીએસ સાથેની)** C | :: | | |
| ૪. | લેનાર પાર્ટીનું નામ તથા પૂરેપુરું સરનામું | :: | | |
| ૫. | આધાર કાર્ડ નંબર (સ્વપ્રમાણિત નકલ બિડવી) | :: | | |
| ૬. | પાન કાર્ડ નંબર (સ્વપ્રમાણિત નકલ બિડવી) | :: | | |

આપની જાહેરાતની શરતો અને બોલીઓ હું/અમોએ વાંચી છે/સમજી છે અને જે મુજબ આ વાહન હું/અમોએ ઉપરોક્ત સ્થળે રૂબરૂમાં જોઈ તપાસી તે મુજબ હું/અમોએ આ વાહનની રૂ/. ..........................(આકડામાં) અંકે રૂપિયા (શબ્દમાં) ................................................................ ............................................................ ટેન્ડરની શરતો અને બોલીઓ મુજબ ખરીદ કરવા મારી ઓફર/બોલી આપું છું. આ સાથે આ ટેન્ડરની શરતો અને બોલીઓ મુજબ હું/અમો ઉપરોક્ત વિગતો મુજબ ટેન્ડર ફી અને બાનાની રકમ ડીડી સ્વરૂપમાં જમા કરાવું છું.

તારીખ :- ................................ **વાહન ખરીદ માટે ઓફર કરનારની સહી**

સ્થળ:- ................................... **તથા પૂરેપુરું નામ અને સરનામું**








RAKESH DESAI















## —::ટેન્ડર નોટીસ::—

NAVSARI AGRICULTURAL UNIVERSITY

આથી રસ ધરાવતા તમામ ઈસમોને જણાવવાનું કે, દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, દાંતી- ઉભરાટ ખાતેનાં બિન વપરાશી ફાર્મટ્રેક ટ્રેક્ટર નં.GJ-15-G-256 (મોડલ Farmtrac 50: ૧૯૯૬)નો ટેન્ડર પધ્ધતિથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોએ વિગતવાર જાહેરાત અને કોરી ટેન્ડર કોપી www.nau.in વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરી, આ ટેન્ડરની બોલીઓ અને શરતો મુજબની માહિતી ભરી તેના ટેન્ડર ફી, બાનાની રકમનો ડી.ડી "Asstt. Res. Sci., S.W.M.R.U., N.A,U., Navsari" નાં નામનો બનાવી પોતાનો ભાવ ટેન્ડર ફોર્મમાં ભરી સીલબંધ કવરમાં તા.૧૭/૦૫/૨૦૨૨ સાંજના ૧૭:૦૦ કલાક સુધીમાં જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ની કચેરીને રૂબરૂ / કુરીયર/ પોસ્ટ/ સ્પીડ પોસ્ટ/ રજી.પોસ્ટ.એ.ડી.થી ભાવો મોકલી આપવાના રહેશે. છેલ્લી તારીખ પછી આવેલ કોઈપણ ટેન્ડરને ખોલવામાં આવશે નહીં, ટેન્ડર ફી અને બાનાની રકમ વગરની ઓફરો માન્ય રાખવામાં આવશે નહીં જેની નોંધ લેશો.

સ્થળ: દાંતી- ઉભરાટ

તા.૨૬/૦૪/૨૦૨૨

સહી/-સંશોધન વૈજ્ઞાનિક

કામનું નામ: દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નકૃયુ, દાંતી-ઉભરાટનાં ટ્રેક્ટરનો ટેન્ડર પધ્ધતિથી નિકાલ કરવા બાબત...

## વાહન હરાજીની શરતો

| |
|---|
| **૧.** વાહન અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતિમાં છે તે રીતે ટેક્ષ તથા વિમાની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાનું છે. |
| **૨.** ફાર્મટ્રેક ટ્રેક્ટર નં. જીજે ૧૫ જી ૨૫૬ જાહેરાતમાં દર્શાવેલ સ્થળે જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૩૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં જોવા મળશે. **જેથી જે વ્યક્તિ/ ઈસમને આ વાહન ખરીદવામાં રસ હોય તેમણે ભાવ ભરતા પહેલા જણાવેલ સ્થળે આ વાહનનું નિરીક્ષણ અને જરૂરી માહિતી મેળવી લેવા જણાવવામાં આવે છે.** |
| **૩.** ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો અને બોલીઓ યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પરથી ડાઉનલોડ કરી તા. ૧૭/૦૫/૨૦૨૨ સુધીમાં જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ,નકૃયુ, નવસારીની કચેરીને કુરિયર/પોસ્ટ/સ્પીડ પોસ્ટ/ રજી.પોસ્ટ.એ.ડી. થી પહોંચતા કરવાના રહેશે.**કવરમાં ટેન્ડર ફોર્મ, શરતો અને બોલીઓની સહીવાળી કોપી તથા ટેન્ડર ફી (રૂ. ૫૦૦/-) અને બાનાની રકમનો ડીમાંડ ડ્રાફ્ટ (રૂ. ૧૦,૦૦૦/-) મોકલવાનો રહેશે. ટેન્ડર ફી તથા બાનાની રકમનો ડીડી "Asstt. Res. Sci., S.W.M.R.U., N.A.U., Navsari"ના નામનો કાઢવાનો રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમનો ડીમાંડ ડ્રાફ્ટ રાષ્ટ્રીયકૃત બેંક/સીડ્યુલ બેન્કનો હોવો જોઈએ.** |
| **૪.** ટેન્ડર ફોર્મ સાથે આવેલ ટેન્ડર ફી નોન રિફંડેબલ છે જેથી તે પરત મળવા પાત્ર નથી, તથા બાનાની રકમનો ડી ડી પાછળથી ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીના નિયમો અનુસાર વગર વ્યાજે પરત કરવામાં આવશે. બાનાની રકમ અને ટેન્ડર ફી વગરનાં ટેન્ડર ફોર્મ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. |
| **૫.** વાહન ખરીદ કરવાના ભાવો યુનીવર્સીટીની વેબ સાઈટ પર પ્રસિધ્ધ થયેલ જાહેરાત મારફતનાં જ ટેન્ડર ફોર્મમાં ભરવાના રહેશે. ટ્રેક્ટરની ખરીદ કિંમતમાં 1% ટીસીએસ ઉમેરી કુલ ખરીદીની રકમ ભરવી. ટીસીએસ વગરના ભાવો માન્ય રહેશે નહીં. |
| **૬.** ટેન્ડર ખોલવાની તારીખ અને સમયની જાણ ટપાલ દ્વારા કરવામાં આવશે. ઈજારદારો અથવા તેમના પ્રતિનિધિએ દરિયાકાંઠા ક્ષારગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, નકૃયુ, દાંતી-ઉભરાટ ખાતે ટેન્ડર ખોલવાનાં દિવસે સમયસર હાજર રહેવાનું રહેશે. ટેન્ડર દસ્તાવેજો નિયત તારીખ અને સમયે ફક્ત યુનિવર્સિટી એ નિયુક્ત કરેલ સમિતિની સમક્ષ ખોલી ટેન્ડરની શરતો મુજબની કાર્યવાહી હાથ ધરી ટ્રેક્ટર માટે આવેલ સૌથી વધારે કિંમતને ગ્રાહ્ય રાખવા માટે વાહન હરાજી સમિતિના સભ્યો યોગ્ય નિર્ણય કરશે. જેમનું ટેન્ડર મંજૂર થશે તેમણે ઈજારની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે. |
| **૭.** ટેન્ડર ફોર્મમાં ભરેલ ભાવની કુલ રકમ ટેન્ડર મંજૂર થયેથી / હરાજી બાદ અત્રેથી જાણ થયે જે તે પાર્ટીએ આપેલ સમય મર્યાદામાં ચેક/ડીમાંડ ડ્રાફ્ટથી (કચેરીના ઉપાડ અને ચૂકવણા અધિકારીના નામનો “Asstt. Res. Sci., S.W.M.R.U., N.A,U., Navsari”) ભરપાઈ કરવાના રહેશે. ત્યાર બાદ આર.ટી.ઓ. પેપર્સ તૈયાર કરીને જે તે કચેરીએ રજુ કરી વાહનને જે તે કચેરીએથી લઇ જવાનું રહેશે અને તેમાં નિષ્ફળ જનારઈજારદારને તેમની બાનાની રકમ કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. તેમજ ભવિષ્યમાં તેમને યુનિવર્સિટીની કોઈ પણ હરાજી માટે બ્લેક લિસ્ટ કરવામાં આવશે. |
| **૮.** ટેન્ડરના કવર ઉપર **" ટ્રેક્ટર હરાજીનું ટેન્ડર ફોર્મ તેમજ ટ્રેક્ટર નંબર "** અવશ્ય લખવાનું રહેશે. પાર્ટીનું નામ, સરનામું અને મોબાઈલ નંબર મોટા અક્ષરે લખવું. |
| ૯.(અ) ટેન્ડર દ્વારા આવેલ ભાવો કમિટીને ઓફસેટ વેલ્યૂ કરતાં નીચા જણાય તો તે સ્થળે કમિટીના અભિપ્રાય મુજબ ટેન્ડર ભરનાર પાર્ટીઓ વચ્ચે જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવશે. જાહેર હરાજીમાં પણ ભાવો કમિટીને ઓફસેટ વેલ્યૂ કરતાં ઓછાં જણાય તો હરાજી રદ કરવામાં આવશે. જાહેર હરાજી વાદ-વિવાદને કારણે છોડી કે કેન્સલ કરનાર ઈજારદારને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે. કચેરીની કોઇ પણ હરાજીમાં ભવિષ્યમાં ભાગ લેવા દેવામાં આવશે નહી. |
| ૯.(બ) ટેન્ડર ભરનાર ઈસમોને કોઈપણ સંજોગોમાં ટેન્ડર ફીની રકમ પરત કરવામાં આવશે નહીં જેની નોંધ લેવી. |
| **૧૦.** ઈજારો મેળવનાર ઈસમ/પેઢી ઉપરની મુદ્દતમાં રકમ જમા નહીં કરાવેતો ઈજારો રદ કરવામાં આવશે. અને બાનાની રકમ જપ્ત કરવામાં આવશે, કોઈ પણ સંજોગોમાં ઈજારાની રકમ ભરવાની મુદ્દત વધારી આપવામાં આવશે નહીં જેની નોંધ લેશો. |
| **૧૧.** વાહન વેચાણ થયા બાદ તેના આર.ટી.ઓ. પેપર્સ (વીમો, રજીસ્ટ્રેશન, ટૅક્સ વગેરે) તેમજ વાહન ટ્રાન્સફર કરવાની સઘળી જવાબદારી જે તે ટેન્ડર ભરનાર/વાહન ખરીદનારની રહેશે. અત્રેની કચેરીએથી જરૂરી દસ્તાવેજ પેપરમાં સહી કરી આપવામાં આવશે. આર.ટી.ઓ. પેપર્સની કાર્યવાહી સંપૂર્ણપણે પૂરી થયા બાદ બાનાની રકમ યુનિવર્સિટીના નીતિ નિયમો અનુસાર પરત કરવામાં આવશે. તેમજ વાહનનો કબ્જો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે. |
| **૧૨.** વાહન જે તે ઈજારદારે જાતે જ હાજર રહી રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન લઈ જવાનું રહેશે. તેમની ગેરહાજરીમાં કોઈ પણ ઈસમને લઈ જવા દેવામાં આવશે નહીં. તેમજ હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હશે તે બીજા ઈસમને ઈજારો આપી શકશે નહીં. |
| **૧૩.** હરાજી બાબતે કોઈ પણ જાતની તકરાર મુશ્કેલી કે મુદ્દો ઊભો થાય તો નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદનારને બંધન કર્તા રહેશે અને કાયદાકીય જ્યુરિસડિક્શન નવસારી રહેશે. |
| **૧૪.** સંજોગોવસાત ઉપરોક્ત શરતોમાં કોઈ પણ ફેરફાર યુનિવર્સિટીના સત્તાધીશો તરફથી કરવામાં આવે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર સ્વીકારવામાં આવશે નહિ. તેમજ યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીનો નિર્ણય આખરી ગણાશે. જે ખરીદ કરનારને બંધનકર્તા રહેશે. |
| **૧૫.** કોઈપણ ટેન્ડરોને સ્વીકારવું અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઈપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઈજારો મંજૂર રાખવો કે નહીં તેની સત્તા યુનિવર્સિટી દ્વારા રચેલ કમિટીની રહેશે. |
| **૧૬.** વાહનનું રજીસ્ટ્રેશન રિન્યુ કરાવવાની જવાબદારી મંજુર થયેલ ઈજારદાર કે પાર્ટીની રહેશે. |
| **૧૭.** સદર વાહનની આર.ટી.ઓ ટેક્ષ, વીમો, સરકારી ટેક્ષ તથા અન્ય તમામ પ્રકારના ભરણાની જવાબદારી વાહન લેનારની રહેશે. |
| **૧૮.** ભાવ ભરનાર વ્યક્તિ /ઈસમ ભારતનો નાગરિક હોવો જોઈએ, તેમજ તે કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલ ન હોવો જોઈએ. ઈજારદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઇએ અને અસ્થિર મગજનો હોવો જોઇએ નહી. |
| **૧૯.** ભાવ ભરનાર વ્યક્તિ /ઈસમે આધાર કાર્ડ તથા પાન કાર્ડ ધરાવતો હોવો જોઈએ. (સ્વપ્રમાણિત નકલ બિડવી)આધાર કાર્ડ તથા પાન કાર્ડ વગરની ઓફર ગ્રાહ્ય રાખવામાં નહિ આવે. જેની ખાસ નોંધ લેવી. |
| **૨૦.** આ હરાજીમાં ટ્રેક્ટરની વિગત અને ફોટાઓની માહિતી આપી છે. આ હરાજીમાં ભાગ લેનાર કોઈ પણ વ્યક્તિ / ઈસમે ટ્રેક્ટરની હરાજીના ભાવો ભરવાના હોય તેમણે ફોર્મ ડાઉનલોડ કરી તેમની સાથે તેમની ભરવાની થતી ટેન્ડર ફી તથા બાનાની રકમ બિન ચૂક ભરવાની રહેશે. |

**ઉપરની તમામ શરતો મને માન્ય, કબુલ અનેબંધન કર્તા છે.**

**તારીખ:** **ટેન્ડર ભરનારનું નામ:-**
**સ્થળ:-** **સરનામું:-**

**ટેન્ડર ભરનારની સહી : -**
**(સંપર્ક નંબર:- )**